રાજ્ય પોલીસ દળના ટેકનિકલ પ્રભાગમાં વર્ગ-૩ના રેડીયો ઓપરેટર અને રેડીયો ટેકનિશિયન બે સંવર્ગોને મર્જ કરી નવુ નામાભિધાન આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક:પવસ/૧૦૨૦૧૯/૪૩૨/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૯/૧૨/૨૦૧૯

વંચાણે લીધા:

૧.તા.૧૭/૧૧/૨૦૧૮ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી(નાણા),નાણા વિભાગની અધ્યક્ષતામાં મળેલ સ્થાયી સમિતિની કાર્યવાહી નોધ.

૨.અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનિકી સેવાઓ અને એસ.સી.આર.બી.), ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૦૯/૦૮/૨૦૧૯નો પત્ર ક્ર.બી-૧/રે.ઓ.રે.ટે.મર્જ/માહિતી/૨૮૮૯/૨૦૧૯.

૩.અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનિકી સેવાઓ અને એસ.સી.આર.બી.), ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીનો તા.૨૦/૦૯/૨૦૧૯નો પત્ર ક્ર.એ-૧/રે.ઓ.રે.ટે.મર્જ/માહિતી/૩૩૦૫/૨૦૧૯.

૪.અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનિકી સેવાઓ અને એસ.સી.આર.બી.), ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીનો તા.૨૨/૧૦/૨૦૧૯નો પત્ર ક્ર.બી-૧/રે.ઓ.રે.ટે.મર્જ/માહિતી/૩૬૩૨/૨૦૧૯.

આમુખ:-

સંદર્ભ ક્રમાંક:(૧) અન્વયે તા.૧૭/૧૧/૨૦૧૮ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી(નાણા),નાણા વિભાગની અધ્યક્ષતામાં મળેલ સ્થાયી સમિતિની બેઠકની કાર્યવાહી નોધ અન્વયે રાજ્યના ગૃહ વિભાગના વાયરલેસ પ્રભાગ હેઠળની રેડીયો ઓપરેટર વર્ગ-૩ અને રેડીયો ટેકનીશીયન વર્ગ-૩ની સદરહુ ટેકનિકલ પ્રકારની જગ્યાઓ સંબંધિત વિભાગનો પરામર્શ કરી મર્જ કરવા સૂચના અપાયેલ હતી. જે અન્વયે સંદર્ભ ક્રમાંક:(૨)થી(૪)માં દર્શાવેલ પત્રોથી અધિક પોલીસ મહાનિદેશક(તકનીકી સેવાઓ) દ્વારા આ સંવર્ગના પગારધોરણ અને પ્રવરતા યાદી એક જ હોય બન્ને સંવર્ગ મર્જ કરવા દરખાસ્ત કરેલ હતી. વિભાગને મળેલ દરખાસ્ત અન્વયે ઉક્ત રેડીયો ઓપરેટર વર્ગ-૩ અને રેડીયો ટેકનીશીયન વર્ગ-૩ સંવર્ગો મર્જ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

૨. આમુખની વિગતે પુખ્ત વિચારણાને અંતે રાજ્ય પોલીસદળના ટેકનિકલ પ્રભાગમાં વાયરલેસ પ્રભાગ હેઠળના બે સંવર્ગો રેડીયો ઓપરેટર, વર્ગ-૩ અને રેડીયો ટેકનીશીયન, વર્ગ-૩ મર્જ કરી નવુ નામાભિધાન 'ટેકનીકલ ઓપરેટર, વર્ગ-૩' કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩.  ઉપર્યુક્ત ફેરફાર મુજબ રેડીયો ઓપરેટર અને રેડીયો ટેકનિશિયન હવેથી 'ટેકનીકલ ઓપરેટર, વર્ગ-૩' તરીકે ઓળખાશે. આ જગ્યાનું પગારધોરણ સાતમા પગાર પંચ મુજબ લેવલ-૫, ₹.૨૯,૨૦૦-૯૨,૩૦૦ (છઠ્ઠા પગારપંચ મુજબ પગરધોરણ ₹.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ-પે ૨૮૦૦) મુજબનું યથાવત રહેશે. રેડીયો ઓપરેટર અને રેડીયો ટેકનિશિયનની જગ્યાના તેમજ તેના બઢતીના સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો તે મુજબ સુધારવાના રહેશે.

૪.  આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), નાણા વિભાગની તા.૨૯/૧૧/૨૦૧૯ની નોધથી મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી.આર.ભમ્મર )
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિશ્રી,

(૧) *નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, ગાંધીનગર.
(૩) માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, ગાંધીનગર
(૪) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) અધિક મુખ્ય સચિવશ્રી,(નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) સચિવશ્રી (ગૃહ)ના અંગત મદદનીશશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) નાયબ સચિવશ્રી, (કર્મચારી ગણ-૨), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૯) નાયબ સચિવશ્રી(સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
(૧૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
(૧૨) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (તકનિકી સેવાઓ), પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૧૩) સેક્શન અધિકારીશ્રી, મ/પગાર એકમ/ઝ.૧-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૪) શાખા/નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઇલ-૨૦૧૯.

---------------------------------------**------------------------------------------

*પત્ર દ્વારા